# 2

## અમદાવાદ શહેર અને જિલ્લામાં કોવીડના કેસો

***15/4/99 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા**( જમાલપુર– ખાડીયા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લા માં કોવીડ ના નવા વેરીયન્ટ(જેએન.૧) ના કેટલા કેસો નોંધાયા, | (૧) |

| | |
|---|---|
| અમદાવાદ શહેર | ૨૦ |
| અમદાવાદ જીલ્લો | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ એક્ટીવ કેસોની સંખ્યા કેટલી છે , અને

(૨) શુન્ય(૦૦)

(૩) સરકારે સાવચેતી કે અગમચેતીના ક્યા ક્યા પગલા લીધાં છે ?

(૩)

- તમામ કેસોનું આરોગ્યની ટીમ દ્વારા હાઉસ ટુ હાઉસ વિઝિટ કરવામાં આવેલ છે. તેમના કોન્ટેકમાં આવેલ તમામ શંકાસ્પદ દર્દીના ટેસ્ટીંગ કરવામાં આવેલ છે.અને જરૂર જણાયે રૂબરૂમાં દવાઓ આપવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા સતત "ટેસ્ટ–ટ્રેક–ટ્રીટમેન્ટ–વેક્સીનેશન–કોવિડ એપ્રોપ્રિએટ બિહેવિયર" ની સ્ટ્રેટેજી અપનાવી કામગીરી હાથ ધરવામાં આવે છે.
- આ રોગને અટકાવવા સંકલિત રોગ સર્વેલન્સ કાર્યક્રમ દ્વારા દર્દીઓને શોધી દવા તેમજ અધતન સારવાર આપવામા આવે છે.
- રાજ્યમાં કોવિડ–૧૯ ટેસ્ટીંગ માટે ૨૦૭ લેબોરેટરીને મંજુરી આપવામાં આવેલ છે. જે પૈકી ૧૧૧ સરકારી અને ૯૬ ખાનગી લેબોરેટરી ને મંજુરી આપવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીનાં પત્ર અનુસંધાને તમામ RTPCR પોઝીટીવ દર્દીનું ઝીનોમ સીક્વન્સિંગ કરવામાં આવે છે.
- તમામ આરોગ્ય કેન્દ્રોમાં દવાઓ અને સાધન સામગ્રીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- જાહેર જનતાને શું કરવું શું ન કરવું તે અંગે પ્રચાર–પ્રસારની કામગીરી કરવામાં આવે છે. ઇન્ડિયન મેડીકલ એસોસિએશનના સભ્યોની મીટીંગ યોજી આ રોગ વિષે માહિતગાર કરવામાં આવેલ છે.

-----------------